શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૮૪૬
૨૨૫૪.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વડોદરામાં શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી ) મુહારાજના સંઘાડાના. મુનીસંમેલને કરેલા ઠરાવો.

મુદ્રક :—
વકીલ બ્રધર્સ પ્રિ. પ્રેસ
કોઠીપોળ
**વડોદરા**

પ્રકાશક—
**શ્રી જૈન યુવક સંઘ**
ઘડીઆળી પોળ.
**વડોદરા.**

આવૃતી બીજી
પ્રત ૧૦૦૦
વીર સંવત ૨૪૫૬
વીક્રમ. સંવત ૧૯૮૬

**મુલ્ય મનન વર્તન.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના

શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરના સાધુસમુદાયનું સંમેલન સંવત ૧૯૬૮ ના જેઠ વદ ૧૩ ગુરૂવાર અને જેઠ વદ ૧૪ શુક્રવાર સને ૧૯૧૨ ના જુન મહીનાની ૧૩–૧૪ તારીખે વડોદરા શહેરના જાનીશેરીના ઉપાશ્રયમાં શ્રીમદ્ વિજય કમળ સૂરીશ્વરના અધ્યક્ષ પણા નીચે મળ્યું હતું. તેમાં આત્મારામજી મહારાજના સંઘાડાના પચાસ* મુનીમહારાજાઓ ઉપરાંત સાધ્વીજીનો મોટો ભાગ હાજર હતો. સ્થાનીક સંઘ તેમજ બહારગામથી આવેલા ઘણા સજ્જન ગ્રહસ્થોએ મુની સંમેલનમાં ભાગ લઈ મહાન્ સાધુ સમુદાયના દર્શનમાંનો લાભ લઇ કૃત્ય કૃત્ય થયા હતા. સંમેલનના મહત્વના ઠરાવોની જરૂરીઆતની સમાલોચના ગુજરાતી દૈનિક અઠવાડીક પેપરોમાં§ થઇ હતી. મુનીસંમેલનના ઠરાવોની ગુજરાતી ભાષાની ચોપડી વડોદરાના શ્રી સંઘે છપાવી બહાર પાડી હતી. આ ચોપડીમાં પ્રસ્તાવના નથી. આ બીજી આવૃતીમાં પ્રસ્તાવનાની જરૂર એટલા માટે છે કે સરળહૃદયી આચાર્યશ્રી વિજયકમળ સૂરી મહારાજે મુનીસંમેલનની હીન્દી ભાષાની ચોપડી જેમાં મગનલાલ માણેકચંદ પરીખ અને મગનલાલ રણછોડદાસ મોદીએ લખેલા કાગળ અને તેનો પ્રત્યુત્તર છાપેલો નથી. તેને પેટલાદથી આચાર્યશ્રીની આજ્ઞાથી મુની ઉતમવિજય-જીએ લખેલો કાગળ બહાર પાડ્યો હતો તેમાં પેલો કાગળ અને પ્રત્યુત્તર નહી હોવાથી હિન્દીભાષાની ચોપડીને "અપ્રમાણીક માનવી" એટલુંજ

---

* આ નામો ચોથા પૃષ્ઠ ઉપર આપ્યા છે.

§ આ નામો છઠા પૃષ્ઠ ઉપર આપ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લખ્યું છે. તેથી જોર ઉપર આવી કેટલાક સાધુઓએ જ્યાં ત્યાં મુની સંમેલનના ઠરાવો રદ્દ કર્યા છે એમ જાહેર કરવા લાગ્યા. અને સ્વચ્છંદી વિચારે વર્તવા લાગ્યા. જેના પરીણામે અમદાવાદ ખંભાત છાણી આદી સ્થળોમાં દીક્ષાના પવિત્ર નામને બદનામ કરી ઝઘડા વધારી હાંસી પાત્ર બન્યા. વાસદમાં માર ખાધો છતાંએ આ દ્રઢાગહી મહાત્માઓ ઉપર તેની અસર થઇ નહી. ઉલટું પેટલાદથી બહાર પાડેલા જુના કાગળની નવીન આવૃતી છપાવી નામ ઠામ વગરના તાજે કલમ કરી તે કાગળનું પીષ્ટપેષ્ણ કરી. મુનીસંમેલનના ઠરાવો રદ્દ કર્યા છે એમ જૈન સમાજને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અને "ગુજરાતી ચોપડી બીલકુલ છપાઇજ નથી" એવું તદ્દનજ જુઠું છાપી ઉંધે રસ્તે દોર્યા છે. આ ગુજરાતી ચોપડી મોટા ભાગે બેદરકારીથી નાશ પામેલી માલમ પડી છે. અત્યારના પ્રસંગોમાં એ ઠરાવો ઘણા અગત્યના હોવાથી આ તેની બીજી આવૃતી અસલની ચોપડી પ્રમાણે કંઇ પણ ફેરફાર કર્યા સિવાય અક્ષરઃશ જૈન સમાજ આગળ રજુ કરવામાં આવે છે. જૈન સમાજ વાંચી વીચારશે અને મુનીસંમેલનના ઠરાવોનો ભંગ કરી જૈન સમાજમાં કલેશની હોળી સળગાવનારાઓને પુછી શકશે કે મુની સંમેલનના ઠરાવો પ્રમાણે વર્તવાથી સાધુપણાને કયા દોષો લાગે છે? શાસ્ત્રોના કયા સિદ્ધાંતોનો ભંગ થાય છે? શાશન અને સંઘની ઉન્નતીને અટકાવે છે? આના જવાબ સ્વેચ્છાચારીઓ આપશેજ. આ બીજી આવૃતીમાં વધારેમાં પ્રસ્તાવના ગુરૂભક્તીનું કાવ્ય, આપેલા છે. આ આવૃતી છપાવવાનો ખર્ચ ભાઇ સવાઇચંદ જગજીવનદાસ જવેરીએ આપ્યો છે તેના માટે તેમનો સહૃદય આભાર માનીએ છીએ. આ આવૃતી જૈન સમાજ અને મુની-મહારાજોને શ્રેયરૂપ નીવડો એમ ઇચ્છીએ છીએ. સુજ્ઞેષુ કીં બહુના?

**શ્રી જૈન યુવક સંઘ; વડોદરા.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગુરૂ સ્તુતી

વંદન આત્મારામ મુની, જગવંદ્ય મુનીશ્વર, તુંજ સૂરી.
શુદ્ધ ચારિત્ર ધારક પ્રભુ પંથ પ્રવર્તક, ધન્ય સૂરી.
કુમત ત્યાગી, દૃઢ વૈરાગી, સમતા સંગી, વંદ્ય સૂરી.
કુળોદ્ધારક, શાશન નાયક, પુન્ય પ્રભાવીક આત્મ સૂરી.
મીથ્યાત્વવાદી, નીજમતત્યાગી, તમ ચરણે, નમતાજ સૂરી.
ગુણાનુરાગી, વિદેશવાસી, મુર્તીસ્થાપી, પુજતાજ સૂરી.
ઉજ્જ્વળ કીર્તી, રવીજ્યોત પ્રકાશી, દશદીશગાજી, રહીજ સૂરી.
નિત્ય જ્ઞાને મચી, સુગ્રંથ રચી, અંધકાર હણ્યો, જગતાત્ સૂરી.
આત્મજ્યોત જગાવી, સ્થુળ દેહત્યાગી, તમ બાળ વિયોગી, દ્યોદર્શ સૂરી.
સુપંથ વિચારવા, તમધ્યાનજ ધરવા શુભમતિ અર્પો, હે ભવ્ય સૂરી.
શાન્તી અર્પો, અમી વર્ષાવો, શાશન રક્ષો, રક્ષક સૂરી.
ધર્મ ઝુંડ લઇને વિહાર કરતાં, તમગુણ ગાતાં કમળ સૂરી.
વીર વિખ્યાતા કાન્તિ જ્ઞાતિ જ્ઞાતા, હંસ છે વલ્લભ તમ શિષ્ય સૂરી.
મન હર્ષ અતી; તમ ગુણ ગાતાં, જયંતિ દીને વિશ્વવંદ્ય સૂરી.
કલ્યાણ કારી નામ નીરંતર, ભવિજન વંદે, તમ પાય સૂરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# મુની સંમેલનમાં હાજર રહેલા મુની મહારાજોના નામ.

૧ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી વીજય કમળ સૂરીજી
૨ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજશ્રી વીર વીજયજી
૩ શ્રીમદ્ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તી વીજયજી
૪ શ્રીમદ્ મુની મહારાજશ્રી હંસવિજયજી
૫ શ્રીમદ્ પન્યાસજી મહારાજશ્રી સંપત વીજયજી
૬ શ્રીમદ્ મુની મહારાજશ્રી વલ્લભ વિજયજી
૭ શ્રીમદ્ ,, ,, માન વિજયજી
૮ શ્રીમદ્ ,, ,, દાન વિજયજી
૯ શ્રીમદ્ ,, ,, ચતુર વીજયજી
૧૦ શ્રીમદ્ ,, ,, વીવેક વીજયજી
૧૧ શ્રીમદ્ ,, ,, લાભ વિજયજી
૧૨ શ્રીમદ્ ,, ,, કીર્તી વીજયજી
૧૩ ,, ,, ,, દોલત વિજયજી
૧૪ ,, ,, ,, નયવિજયજી
૧૫ ,, ,, ,, અનંગ વીજયજી
૧૬ ,, ,, ,, હીમ્મત વીજયજી
૧૭ ,, ,, ,, નેમ વિજયજી
૧૮ ,, ,, ,, પ્રેમ વીજયજી
૧૯ ,, ,, ,, ઉત્તમ વીજયજી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | ,, | ,, | ,, | લલીત વીજયજી |
| ૨૧ | ,, | ,, | ,, | સોમવીજયજી |
| ૨૨ | ,, | ,, | ,, | ધર્મ વીજયજી |
| ૨૩ | ,, | ,, | ,, | સંતોષ વિજયજી |
| ૨૪ | ,, | ,, | ,, | લાવણ્ય વીજયજી |
| ૨૫ | ,, | ,, | ,, | દુર્લભ વિજયજી |
| ૨૬ | ,, | ,, | ,, | સોહન વિજયજી |
| ૨૭ | ,, | ,, | ,, | નાયક વિજયજી |
| ૨૮ | ,, | ,, | ,, | મંગલ વિજયજી |
| ૨૯ | ,, | ,, | ,, | વીમલ વિજયજી |
| ૩૦ | ,, | ,, | ,, | કસ્તુર વીજયજી |
| ૩૧ | ,, | ,, | ,, | કુસુમ વિજયજી |
| ૩૨ | ,, | ,, | ,, | પદ્મ વીજયજી |
| ૩૩ | ,, | ,, | ,, | શંકર વીજયજી |
| ૩૪ | ,, | ,, | ,, | ઉમંગ વીજયજી |
| ૩૫ | ,, | ,, | ,, | મેઘ વીજયજી |
| ૩૬ | ,, | ,, | ,, | વિજ્ઞાન વીજયજી |
| ૩૭ | ,, | ,, | ,, | વિબુધ વીજયજી |
| ૩૮ | ,, | ,, | ,, | જીન વીજયજી |
| ૩૯ | ,, | ,, | ,, | તીલક વીજયજી |
| ૪૦ | ,, | ,, | ,, | વીદ્યા વિજયજી |
| ૪૧ | ,, | ,, | ,, | વિચાર વિજયજી |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨ | ,, | ,, | ,, | વિચક્ષણ વીજયજી |
| ૪૩ | ,, | ,, | ,, | પુન્ય વીજયજી |
| ૪૪ | ,, | ,, | ,, | તરૂણ વિજયજી |
| ૪૫ | ,, | ,, | ,, | મીત્ર વિજયજી |
| ૪૬ | ,, | ,, | ,, | કપુર વીજયજી |
| ૪૭ | ,, | ,, | ,, | સમુદ્ર વીજયજી |
| ૪૮ | ,, | ,, | ,, | લક્ષણ વીજયજી |
| ૪૯ | ,, | ,, | ,, | મેરૂ વિજયજી |
| ૫૦ | ,, | ,, | ,, | ઉદ્યોત વીજયજી |

તા. ૨૩-૬-૧૨ જૈન ભાવનગર

તા. ૨૪-૬-૧૨ મુંબાઇ સમાચાર

તા. ૨૭-૬-૧૨ સાંજ વર્તમાન મુંબાઇ

તા. ૨૬-૬-૧૨ પ્રજા બંધુ અમદાવાદ

તા. ૨૦-૬-૧૨ શ્રી સયાજી વીજય

તા. ૧૮-૭-૧૨ હિન્દીજૈન. મુંબઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# मरहुम परमोपकारी श्री श्री श्री १००८ श्री विजयानंदसूरीजी अपरनाम आत्मारामजी महाराजना संघाडाना साधुओनुं वडोदरा खाते थएलुं संमेलन अने तेमां पसार करेला ठरावो विगेरे.

छपावी प्रसिद्ध करनार

**श्री संघ वडोदरा ( स्टेट गायकवाड )**

**संवत १९६८ वीरसन २६--३८ सन १९१२**

**वडोदरा**—लहेरीपुरारोड उपर पोताना "विद्याविलास" प्रेसमां **शा. मोहनलाल विठ्ठलदासे** कर्ताने माटे छाप्युं.

**किंमत मनन**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## वडोदरा खाते १००८ आचार्यजी महाराज श्री श्री श्रीमद् विजयानंदसुरीजी अपरनाम आत्मारामजी महाराजना साधुओनुं संमेलन आचार्यजी महाराज श्रीमद् विजयकमलसूरीजीना प्रमुखपणा नीचे ता० १३ तथा १४ जुनना रोज मळेलुं तेमां पसार करवामां आवेला ठरावोनी यादी.

### ठराव पहेलो.

आपणा समुदायना हरेक साधुओए वर्तमान आचार्यजी महाराज फरमावे त्यां चोमासुं करवुं. पोताने कोई अमुक क्षेत्रमां चोमासुं करवानी इच्छा होय ने आचार्यजी महाराज अधिक लाभ जाणी बीजा कोई क्षेत्रमां चोमासुं करवा जणावे तो ते पण खुशीथी स्विकारवुं.

### ठराव बीजो.

खास कारण वगर आपणा मुनीओए चोमासा उपर बीजुं चोमासुं करवुं नहि, तेमज बीजुं चोमासुं पुरुं थये तरतज विहार करवो, कोई जरुरी कारणसर आचार्यजी महाराज हुकम आपे तो एक चोमासा उपर बीजुं चोमासुं करवा हरकत नथी.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ठराव त्रीजो.

आपणा मुनीओए एकल विहारी थवुं नहि, अर्थात बे साधुथी ओछा साधुए रहेवुं नहि. कदाच कोई कारण परत्वे एकला रहेवानो प्रसंग आवे तो श्री आचार्य महाराजनी आज्ञापत्रिका मंगावी रहेवा हरकत नथी.

## ठराव चोथो.

कोई साधु जेनी पासे पोते होय त्यांथी नाराज थई आपणा साधु पैकी गमे ते बीजा साथमां भळे तो तेने आचार्यजी महाराजनी परवानगी सिवाय पोताना साथमां मेळववो नहि.

## ठराव पांचमो.

एक वखत दिक्षा लई जेणे छोडी दीधी होय तेने आचार्य महाराजनी आज्ञा सिवाय फरी दिक्षा आपवी नहि.

संवेग पक्ष सिवायनाने माटे पण ज्यां सुधी बनी शके त्यां सुधी आचार्यजी महाराजनी आज्ञा प्रमाणे चालवुं.

## ठराव छट्ठो.

साधुओ प्राये मोटा मोटा शहेरमां अने तेमां पण गुजरातमांज

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

चोमासा करे छे, ज्यां साधुओना विहारथी अलभ्य लाभ थाय तेवे ठेकाणे जेमके मारवाड, मेवाड, माळवा, पंजाब, कच्छ, वागड, दक्षिण पूर्व विगेरेमां प्रायः साधुओनो जोईतो समागम नहिं मळवाथी जैन धर्म पाळनारा घणा अन्य धर्मी थई गया छे ने थता जाय छे. तो ते तरफ साधु मुनिराजोनुं आ संमेलन ध्यान खेंचे छे ने भलामण करे छे के साधुओए गुजरात छोडी हिंदना दरेक भागमां विहार करवानी तजवीज करवी जोईए.

## ठराव सातमो.

आपणा साधुओए अवश्य लोच करावबानो रिवाज जेवो छे तेवोने तेवोज राखवो. पण चक्षु प्रमुख रोगादिक कारणे क्षुर मुंडन करावबुं पडे तो गुरु आज्ञाथी महिने महिने शास्त्रानुसार करावबुं पण क्षुरमुंडन करावनाराओए चार के छ मास सुधी केश वधारवा नहि.

## ठराव आठमो.

केटलाक गृहस्थो उपाश्रयमां कपडां लावे छे, ने साधुने वहोरावे छे ए शास्त्र विरुद्ध छे माटे आपणा साधुओए गृहस्थना मकाने जई खप पडे कपडा व्होरी लाववानो रिवाज राखवो.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ठराव नवमो.

बाळ, वृद्ध ग्लानादि खास कारण विना विहारमां पोताना उपकरणो गृहस्थने उपाडवा आपवा नहि.

## ठराव दसमो.

चतुर्दशीने दिवसे बाळ, वृद्ध, ग्लानादि सिवाय आपणा बधा साधुओए उपवास अवश्य करवो जोईए. विहारमां यत्ना.

## ठराव अगीआरमो.

आपणा साधुओए ओछामां ओछा १०० श्लोकनुं स्वाध्याय ध्यान दररोज अवश्य करवुं, जेनाथी न थाय तेणे एक नवकारमंत्रनी माळा गणवी.

## ठराव बारमो.

सोना चांदीनी अथवा तेना जेवी चमकती दांडीनी फ्रेमवाळा चश्मा आपणा साधुओए वापरवा नहि.

## ठराव तेरमो.

साधुपणाना आचारनो विचार करी तेने बाध न आवे तेवी रीते

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आपणा साधुओए जैनेतर प्रजाने जाहेर उपदेश आपवानो रिवाज अनुकुळता प्रमाणे रत्नाधिकनी आज्ञानुसार राखवा. तेमज हरकोई जाहेरव्याख्यान पंछी ते जैन या जैनेतर गमे तेनुं होय त्यां द्रव्य क्षेत्र काळ भावादिनी अनुकूळता जोई रत्नाधिकनी आज्ञानुसार जवाने हरकत नथी.

## ठराव चौदमो.

पोताना ताबामां चोमासुं करनार या पोतानी निश्राए रहेनार साधुनो पत्र आवे तो ते खोली वांचवानो अने योग्य लागे तोज आपवानो अगर वंचाववानो अधिकार उपर बताव्या प्रमाणेना मंडळीना वडा साधु होय तेमने छे, वडा सिवाय बीजाओए कागळपत्रनो व्यवहार परभारो करवानो नथी. कदापि पोताने कोई जरुरी समाचार मंगाववाना होय तो वडील साधुनी मारफत मंगाववा.

## ठराव पंदरमो.

जैनेतर कोईपण सारो माणस जीवदया वगेरे धार्मिक कार्योनो उद्यम करतो होय तेने पण आपणा साधुए यथाशक्ति मदद आपवानो प्रयत्न करवो.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ठराव सोळमो.

अमदावादना मोहनलाल लल्लुभाई नामना माणसे काढेल ३ जा हेन्डबीलमां आपणा परमपूज्य परमोपकारी आचार्य महाराज श्री विजयानंद सुरिजी, तथा प्र. श्री कांतिविजयजी तथा मुनिराज श्री वल्लभ विजयजी उपर न छाजतां हुमला करेला जेथी पंजाब विगेरेना श्रावको उश्केराई गया हता ते वखते आपणा साधुओए अने खास करी प्रवर्तकजी कान्तिविजयजी तथा मुनीश्री वल्लभविजयजीए शांतता राखी तेमने समजाव्या ने कलेश वधवा न दीधो तेनी आ संमेलन अनुमोदना करे छे अने कोई वखते भविष्यमां तेवो प्रसंग आवे आवीज शांतता राखवा भलामण करे छे.

## ठराव सत्तरमो.

नवा साधुने ज्यां सुधी पांच प्रतिक्रमण, दशवैकालिक चार अध्ययन, जीव विचार, नवतत्त्व, अने दंडक अर्थ सहित न थई जाय त्यां सुधी व्याकरणादि अन्य अभ्यासमां जोडवो नहि.

## ठराव अढारमो.

साध्वीओ अथवा गृहस्थीओ पासे कपडां न धोवराववानो जे

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आपणो रिवाज छे तेने तेवो ने तेवो कायम राखवो, अने अन्य कोई मुनि सदरहु काम करतो होयतेने मिष्ट वचनथी हित शिक्षा आपी ते कामथी निवृत्त करवानो प्रयत्न करवो.

## ठराव ओगणीसमो.

आजकाल प्रायः केटलाक साधुओ उंची जातना तेमज बहु मुल्यना धुसा विगेरे कपडां राखता नजरे पडे छे ए रीवाजने आ संमेलन नापसंत करे छे अने ठराव करे छे के आपणा साधुओए आज पछी पंजाबी या बिकानेरी कामळी के तेवाज प्रकारनी बीजी अल्प किंमतनी कामळी वापरवी.

## ठराव वीसमो.

जेने दिक्षा आपवी होय तेनी ओछामां ओछी एक महिनानी मुदत सुधी यथाशक्ति परिक्षा करी तेना संबंधी माता, पिता, भाई, स्त्री विगेरेने रजीष्टर कागळथी खबर आपवानो रिवाज आपणा साधुओए राखवो, तेमज दिक्षा निमित्ते आपणी पासे जे वखते आवे तेज वखते तेनी पासे तेना संबंधीओने रजीष्टर कागळथी खबर आपवानो उपयोग राखवो.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ठराव एकवीसमो.

साधु साधुना या श्रावकोना अंदर अंदरना टंटा, बखेडामां आपणा साधुओए सामील थवुं नहि कोई धार्मिक कारण परत्वे सामिल थवानी जरूर जणाय तो आचार्य महाराजनी परवानगी मंगावी आज्ञानुसार वर्तवुं.

## ठराव बावीसमो.

साधु साधूओमां सामान्य रीते एकज गुरुना परिवारमां पण जेवो जोईए तेवो संप देखातो नथी तो पछी जुदा जुदा गच्छना तथा जुदा जुदा गुरुओना साधुओमां तो संपनुं नामज सेनुं होय! आवी स्थिति हाल साधुओनी छे ते माटे आ संमेलन अत्यंत्य दिलगिरी दर्शावे छे. ने ठराव करे छे के आवा कुसंपथी साधु मात्रनो धर्मनिउन्नति करवानो जे मूळ हेतु छे ते पार पडतो नथी माटे आपणा साधुओए ते कुसंप दूर थाय तेवा इलाजो लेवा.

## ठराव त्रेवीसमो.

आजकाल केटलाक साधुओ शिष्यो करवा देशकाल विरुद्ध

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वर्तन चलावे छे जेथी शासननी हीलना थवाना अनेक प्रसंगो प्राप्त थाय छे, तेमज मुनिओने कोई कोई वखत अनेक मुश्केली-ओमां उतरवुं पडे छे, जेथी आ संमेलन आवी रीते दिक्षा आपी शिष्यो करवानी पद्धतिने तेमज तेवी रीते दिक्षा आपनार-लेनार अगर वनारने माटे अत्यंत नापसंदगी जाहेर करे छे अने आ मंडळ ठराव करे छे के आपणा समुदायना साधुओ पैकी कोई पण मुनी-ओए आवी खटपटमां उतरवुं नहि अने जे मुनी आवी खटपटमां पडशे तेने माटे आचार्यजी महाराज सख्त विचार करशे.

## ठराव चोवीसमो.

नामदार शहेनशाह पंचम ज्योर्जनी राज्यनी शीतळ छायामां वीर क्षेत्र (वडोदरा) के ज्यां महाराजा श्रीमान् शियाजीराव गायकवाड सरकार बीराजे छे जेमना नेक राज्यमां धर्मनी उन्नति निमित्ते आ संमेलन आनंदनी साथे आपणे करी शक्या छीए ते बाबतमां आ संमेलन परमात्मानी प्रार्थना करे छे के तेओना नेक राज्यमां आवा धार्मिक अनेक कार्यो निर्विघ्ने पसार थाओ अने सर्वत्र शांति प्रसरो.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# शा. मगनलाल माणेकचंदे शा. मगनलाल रणछोडदासना तर्फथी जैन मुनि संमेलनने लखेलो पत्र.

## श्री पार्श्वजीनप्रणम्य.

श्री वीरक्षेत्र मध्ये शान्त-दान्त महंत, आचार्यना ३६ गुणधारक आचार्यजी महाराज श्री विजयकमळ सुरीजी तथा उपाध्यायजी महाराज श्री वीर विजयजी तथा प्रवर्तकजी महाराज श्री कांन्तिविजयजी विगेरें साधु संमेलनमां पधारेला साधु महाराजो.

आ नीचे सहीओ करनाराओनी नम्र विनंती ध्यानमां लई मागेलो खुलासो आपशो एवी आशा छे.

आजकाल केटलाक श्रावको ग्रहस्थोने धर्म गुरु तरीके मानवा मनाववा लाग्या छे ने तीर्थंकर भगवाननी माफक तेमनी पुजा आरती वीगेरे करे करावे छे केटलाक तो ग्रहस्थनी छबीने

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तीर्थंकर भगवाननी प्रतिमानी माफक मानी ने भगवाननी प्रतीमा आगळ तेमनुं नाम लई जेवी भावना भवाय तेवी भावना ते गृहस्थनी छबी आगळ भावे छे. ग्रहस्थनी छबीने वचे पधरावी आजु बाजु तीर्थंकर भगवाननी छबीओ मुके छे ते वचे मुकेली ग्रहस्थनी छबीने "आजीनने नमीए रे भवीका आजीनने नमीए" एम लांबा हाथ करी कहे छे ने तेम करी ग्रहस्थनी ते छबीने जीनेश्वरनी छबी जेवुं मान आपे छे वळी केटलाक श्रावको लाडी वाडीने गाडी विगेरे संसारिक विषय भोगमां रात दीवस रहेवा छतां पोताते अध्यात्मी कहेवरावे छे.

मोरपीछी कमंडळु विगेरे साधुना चिन्ह तरीके राखी पोताने श्वेतांबर संप्रदायना साधु पण कहेवरावे छे.

आवुं आवु वर्तन करे करावे छे छतां पोते शुद्ध जैनधर्म पाळनारा छे. एवुं कहे छे तो आ प्रमाणे करनार, करावनार, अने तेने अनुमोदनारा जेओ होय तेमने जैन शास्त्राधारे केवा समजवा ने उपर जे वर्तन तेमनुं बताव्युं छे तेवुं वर्तन जैनशास्त्र प्रमाणे छे के केम ? साधु महाराजाओनुं संमेलन.हमारी समजवा प्रमाणे आ पहेलुंज छे तो आवा प्रसंगे हमारा पुछेला सवालाना शास्त्राधारे खुलाशा थशे तो तेथी

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

घणो उपकार थशे. एम जाणी आ तक लीधी छे. ता. ८–६–१२

ली. आपनो आज्ञांकित सेवको.

**मगनलाल माणेकचंद परीख.**
**मगनलाल रणछोडदास मोदी.**

उपरना पत्रनो नीचे मुजब जवाब आपवामां आव्यो छे.

**श्रीयुत श्रावक मगनलाल माणेकचंद तथा मगनलाल रणछोडदास.**

आपनो ता. ८–६–१२ नो पत्र संमेलनमां रजु करवामां आव्यो हतो अने तेमां पुछेला सवालोना शास्त्राधारे संमेलन तरफथी नीचे प्रमाणे जवाब तमोने आपवा ठराववामां आवे छे.

१ जैन शास्त्रमां गुरुना जे लक्षणो बताव्या छे ते प्रमाणे ग्रहस्थने धर्मगुरु मानवा के मनाववा आधार नथी ने जो कोई तेम करता होय तो ते जैनागम विरुद्ध होवाथी अमान्य छे.

२ जैन शास्त्रमां ग्रहस्थनी तीर्थंकर भगवाननी माफक पूजा. आरती वगेरे करवा के कराववा आधार नथी ने तेथी जेओ तेम करता करावता होय तेओ पोते डुबे छे बीजाने डुबाडे छे एम समजवुं जोईए.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

३ ग्रहस्थनी छबी तीर्थंकर भगवाननी माफक मान आपनार, तथा तीर्थंकर भगवाननी प्रतीमा आगळ भावना भवाय तेवी भावना भावनार जे कोइ होय ते जैन शास्त्रनो द्रोही छे एम मानवुं जोइए.

४ गृहस्थनी छबीने वच्चे मुकी आजुबाजु तीर्थंकरनी छबीओ मुकवी ने ते गृहस्थनी छबीने "आ जीनने नमीए भवीका आ जीनने नमीए" आम जे कोई बोलता होय तो ते जीनाज्ञाना लोप करनारा छे.

५ लाडी गाडी ने वाडी विगेरे संसारी विषयोना भोगमां मस्त रहेनार ने जैन शास्त्रमां अध्यात्मी मान्यो नथी ने तेथी तेवा जो कोइ होय तो तेने अध्यात्मी मानवा ए जिनाज्ञा विरुद्ध छे.

६ साधुनो वेष शास्त्रकारोए वर्णव्यो छे तेमां मोर पछी के कमंडलु राखवुं बताव्युं नथी एटले मोर पींछी अने कमंडलु राखतां छतां पोताने श्वेतांबर संप्रदायना साधु कहेवरावनारा जे कोई होय तेमने साधु मानवाना नथी.

उपर प्रमाणे शास्त्र विरुद्ध वर्तन करनारा जो कोई होय तो तेमने जिनाज्ञाना उलंघन करनारा समजवा एम हमारो अभिप्राय छे.

जेठ वदी १३ वार शुक्र १९६८.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com